# તસ્બી: એ જ ચિંતા છે

વજન: ગાગા લગા લગા લગા લગાગાગા

**પંચમ શુક્લ**

થૈ છે કલમ અધીર એ જ ચિંતા છે,
સોનું થશે કથીર એ જ ચિંતા છે.

ના હોય કૈં જ હીર એવું સાધારણ,
દેખાય બેનઝીર એ જ ચિંતા છે.

યા હોમ કહી પડે તુરંત એવો, છે-
અક્કલનો ઓથમીર એ જ ચિંતા છે.

બેકાર એક વાતનાં વતંગડમાં,
એ વેડફે ખમીર એ જ ચિંતા છે.

ના સાંભળે છતાંય બૂમ પાડે પણ,
કૈં ગણગણે બધીર એ જ ચિંતા છે.

સાવજ બધાંય મૌન-વ્રત ધરી લે તો,
થૈ જાય સ્તબ્ધ ગીર એ જ ચિંતા છે.

લોબાન ધૂપ ફેરવી જતાં રહેશે,
બોલ્યાં વગર ફકીર એ જ ચિંતા છે.

આ જાનકી હજીય હઠ હરણની લૈ,
ઓળંગશે લકીર એ જ ચિંતા છે.

એ શ્વાસથી વણે છે, નૈ કે હાથેથી,
છે શાળ પર કબીર એ જ ચિંતા છે.

છે શાળ પર કબીર એ જ ચિંતા છે,
કૈં નૈ રહે કથીર એ જ ચિંતા છે.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫